# પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે મૂર્તિઓનુ ઉથાપણ વિધિ યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે મંદિરના નર્વ નિર્માણને લઈને મંદિર આજે મંદિરના મુખ્ય દાંતા સુનીલભાઈ રવિશંકર રાવલ ગાંધીનગર મામલતદાર દ્વારા ખાત મુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો. સુનીલભાઈ રવિશંકર રાવલ તથા સોમનાથ રેવાશંકર પરિવારના સભ્યોએ હવનનો લાભ લીધો હતો. મંદિરની બાજુમાં અદ્યતન



મૂર્તિઓનુ ઉથાપણવિધિ તથા હવન ખાત મુહુર્ત કાર્યક્રમ યોજાયો જેમાં રાવલ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ રાવલ સમાજના ઈસ્ટદેવ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાનો આજથી ૭૦ વર્ષ પહેલાં રાવલ સમાજના વરવાઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું અને જેના નવનિર્માણને લઈને શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તો શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં બિરાજમાન શ્રી પાર્વતી માતા, શ્રી ગણપતિ દાદા, શ્રી હનુમાન દાદા, શ્રી નંદીજી, શ્રી કાચબાજી સહિતની મૂર્તિઓનુ વાજતેગાજતે શાસ્ત્રોકત વિવિ મુજબ બ્રાહ્મણો દ્વારા શુભ મુહૂર્તમાં પુજાવિધિ બાદ ઉથાપણ કરાવવામાં આવ્યું હતું. હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હવનમાં મંદિરના મુખ્ય દાતા તૈયાર થનાર તપોધન બ્રાહ્મણ રાવલ સમાજના વિશાળ હોલનું પણ નિર્માણ થઈ રહ્યું છે જેનું પણ ખાત મુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તપોધન ફડી ખાતે રહેતા રાવલ સમાજના ભાઈઓ બહેનો સહિત આજુબાજુમાં રહેતા રાવલ સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. અને હવન, મૂર્તિઓનું ઉથાપણ સહિત ખાતમુહુર્ત કાર્યક્રમ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાનેરા તાલુકાના થાવર ગામે પત્રકાર એસોસિએશન દ્વારા ગરીબ બાળકો સ્વેટર વિતરણ

ધાનેરા, તા. ૧૭

આ વખતે વધુ પડતી ઠંડીને લઈ પત્રકાર એસોસિયન ધાનેરા દ્વારા ધાનેરા વિસ્તારના બાળકોને સ્વેટર આપવાનું નક્કી કર્યું હતું અને વિવિધ ગામડાઓમાં જઈ શ્રમજીવી વિસ્તારના બાળકોને તેમજ સરહદી વિસ્તારની પ્રાથમિક શાળા આંગણવાડી કેન્દ્ર જેવી અનેક જગ્યાએ સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. ધાનેરા પત્રકાર એસોસીએશનની સાથે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય પણ જોડાયા હતા તો બીજી તરફ આજે ધાનેરા તાલુકા ના થાવર આરટીઓ ચેકપોસ્ટની પાછળના ભાગમાં રહેતા ઝુપડપટ્ટી વિસ્તારના બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ધાનેરાના પ્રાંત અધિકારી ધાનેરાના મામલતદાર ભગવાનદાસ ખરાડી, ધાનેરા પીઆઈ એસ.ડી. ડાભી, નાયબ મામલતદાર મોડસિંહ રાજપુત સહિત પત્રકાર એસોસિએશનમાં સદસ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકોને સ્વેટર આપ્યા હતા તો બીજી તરફ પત્રકાર એસોસિએશનમાં આ કામગીરીને લઈ આવનાર અધિકારીઓએ પણ આ કામગીરી બિરદાવી હતી.





**ધાનેરાના સામરવાડા ગામની આંગણવાડી કેન્દ્રના બાળકોને સ્વેટર આપાયા**

ધાનેરાના સામરવાડા ગામની આંગણવાડી કેન્દ્રના બાળકોને સ્વેટર આપવામાં આવ્યા પત્રકાર એસોસિયન સાથે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય પણ જોડાયા અને બાળકોને સ્વેટર આપ્યા હતા. ધાનેરામાં પત્રકારે એશોશીયેશન દ્વારા આ વર્ષે વધુ પડતી ઠંડીને લઈ બાળકોને સ્વેટર આપવાનું નક્કી કર્યું હતું જેમાં અનેક વિસ્તારના બાળકોને તેમજ શાળા અને આંગણવાડી હોસ્ટેલ તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકોને આપવામાં આવી રહ્યા છે ત્યારે આજે પત્રકાર એસોસિએશનમાં ધાનેરા ધાનેરા તાલુકાના સામરવાડા ગામની આંગણવાડી કેન્દ્રના બાળકોને સ્વેટર આપવામાં આવ્યા છે. આ સ્વેટર વિતરણ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ પણ જોડાયા હતા તો બીજી તરફ આંગણવાડીના બાળકો સહિત ગામના અન્ય બાળકોને પણ આપવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં છ લાખથી પણ વધુ વાઈ આંચકી-ખેંચના દર્દીઓ હોવાનો અંદાજ

## વાઈ-આંચકી-ખેંચ અંગેની ત્રણ દિવસની રાષ્ટ્રીય કોન્ફરન્સનો આરંભ

ઈન્ડિયન એપિલેપ્સી એસોસિએશન અને ઈન્ડિયન એપિલેપ્સી સોસાયટી દ્વારા વાઈ-આંચકી-ખેંચ અંગે અદ્યતન સંશોધનો અને જાણકારી માટે પ્રતિ વર્ષ ECON નામની રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પ્રથમવાર હેરિટેજ સિટી અમદાવાદમાં તા. ૧૭ થી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૦ દરમિયાન ECONનું આયોજન કરવામાં આવ્યું છે.

ECON-૨૦૨૦ના કાર્યક્રમોની વિગતો આપતા ECON ૨૦૨૦ના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન પ્રો. ડૉ. સુધીર શાહે જણાવ્યું હતું કે ભારતમાં ૧૦ મિલિયન લોકો વાઈ-આંચકી-ખેંચથી પીડાતા હોવાનો અંદાજ છે, જે વિશ્વમાં દર્દીઓની સરખામણીમાં છઠ્ઠો ભાગ છે. ગુજરાતમાં વાઈ-આંચકી-ખેંચનાં ૬ થી ૭ લાખ દર્દીઓ હોવાનો અંદાજ છે. ત્રણ ચતુર્થાંશ દર્દીઓનાં કિસ્સામાં આ રોગનો સંપૂર્ણ ઉપચાર શક્ય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ રોગ અંગે ચાલી રહેલા સંશોધનો અને અદ્યતન ટેકનોલોજીનાં કારણે વાઈ-આંચકી-ખેંચનો ઉપચાર વધારે સારા નિયંત્રણ સાથેનો અને દર્દીની વધુ સારી સંભાળ સાથે શક્ય બન્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મગજનું વાયરલ ઈન્ફેક્શન અને રોડ ટ્રાફિક એક્સિડેન્ટ્સના કિસ્સાઓમાં વાઈ-આંચકી-ખેંચને વધુ સારી રીતે અટકાવી શકાય છે. ત્રણ ચતુર્થાંશ દર્દીઓને ઉપચારથી નિયંત્રણમાં લાવી શકાય છે.

પ્રો. ડૉ. સુધીર શાહે જણાવ્યું કે ગુજરાતમાં વાઈ-આંચકી-ખેંચનાં જૂજ સારસંભાળ કેન્દ્રો છે, જ્યારે ત્રિવેન્દ્રમ, મુંબઈ, બેંગ્લોર અને હૈદરાબાદ જેવા શહેરોમાં ઘણા એડવાન્સડ સેન્ટર્સ છે. ECON-૨૦૨૦માં માત્ર ન્યુરોફિઝીશયન્સને જ જ્ઞાનનો લાભ મળશે તેવુ નથી. પરંતુ તેમાંથી વિદ્યાર્થીઓ એપિલેપ્ટોલોજીસ્ટસ, દર્દીઓ વગેરેને પણ તાલીમ મળશે. ECON-૨૦૨૦ દરમિયાન ન્યુરોમોડ્યુલેશન, VNS, RNS, DBS, RTFC લેઝર, ઓપ્ટીકલ કોહેરન્સ, TMS, જીન થેરાપી, સ્ટેમ સેલ થેરાપી, ઈમ્યુન થેરાપી વગેરે જેવા વાઈ-આંચકી-ખેંચનાં અદ્યતન સંશોધનો અંગે ચર્ચા કરવામાં આવશે તેમ પ્રો. ડૉ. શાહે જણાવ્યું હતું.

# અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસનો પ્રારંભ

## અમદાવાદના સ્ટેશનથી સવારે ૬.૧૦ વાગે સપ્તાહમાં છ દિવસ દોડશે : માત્ર બે સ્ટેશનો વડોદરા-સુરત ખાતે રોકાશે

અમદાવાદ, તા. ૧૭

દેશની પ્રથમ કોર્પોરેટ ટ્રેન તેજસ એક્સપ્રેસ હવે અમદાવાદ અને મુંબઈ વચ્ચે પણ દોડતી થઈ ગઈ છે. અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસને રેલવેમંત્રી પીયુષ ગોયેલ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં અમદાવાદથી રવાના કરવામાં આવી હતી. જો કે, યાત્રીઓ માટે આ ટ્રેન ૧૯મી જાન્યુઆરીથી શરૂ થશે. પ્રથમ તેજસ એક્સપ્રેસની શરૂઆત લખનૌથી નવી દિલ્હી વચ્ચે થઈ ચુકી છે. રેલવેનું કહેવું છે કે, રેલવે વાણિજ્યરીતે અમદાવાદથી ૧૯મી જાન્યુઆરીથી તેજસની શરૂઆત કરશે. આવી પ્રથમ ટ્રેન લખનૌ-દિલ્હી ગયા વર્ષથી ચાલી રહી છે. આ ટ્રેનની ટિકિટો આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઓનલાઈન બુક કરવામાં આવી શકે છે. રેલવેના રિઝર્વેશન કાઉન્ટર ઉપર આ ટ્રેનની ટિકિટો મળશે નહીં. પેટીએમ, ફોનપે, મેકમાઈટ્રીપ, ગુગલ, રેલયાત્રી અને અન્યના માધ્યમથી ટ્રેનનું બુકિંગ કરી શકાશે. અમદાવાદ-મુંબઈ માર્ગ પર આ ટ્રેન એક સપ્તાહમાં છ દિવસ ચાલશે.



ગુરુવારના દિવસે ટ્રેનની સાવચણી અને અન્ય જાળવણીની જવાબદારી રહેશે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે દોડનાર આ ટ્રેન માત્ર બે સ્ટેશન પર રોકાશે જેમાં વડોદરા અને સુરતનો સમાવેશ થાય છે. અમદાવાદ રેલવે સ્ટેશનથી આ ટ્રેન સવારે ૬.૧૦ વાગે રવાના થશે અને બપોરે ૧.૧૦ મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. વાપસીમાં આ ટ્રેન બપોરે ૩.૪૦ વાગે મુંબઈ સેન્ટ્રલથી ચાલીને અમદાવાદ સ્ટેશન પર ૯.૫૫ વાગે પહોંચશે. આ ટ્રેન સુરત અને વડોદરામાં જ રોકાશે. આ ટ્રેનમાં વાયફાઈ, સીસીટીવી કેમેરા, કોફી મશીન, એલસીડી સ્ક્રીન જેવી સુવિધા રાખવામાં આવી છે. તેજસ ટ્રેનની બુકિંગ વેબસાઈટ ઉપરાંત મોબાઈલ એપ પરથી થઈ શકે છે. રેલવે સ્ટેશન કાઉન્ટરથી બુકિંગ કરી શકાશે નહીં. ૬૦ દિવસ પહેલા ટ્રેનની ટિકિટ બુક કરવામાં આવે છે તો પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના ટિકિટ લાગશે નહીં. પાંચ વર્ષ અને તેનાથી વધુ વયના બાળકો માટે પૂર્ણ ટિકિટ આપવાની રહેશે અને તેમને અલગરીતે સીટ મળશે. દિલ્હી-લખનૌ તેજસ એક્સપ્રેસના યાત્રીઓને ટ્રેન લેટ થવાની સ્થિતિમાં વળતર આપવામાં આવે છે. ટ્રેનના યાત્રીઓને ૨૫ લાખ રૂપિયાના વિમાની સુવિધા કરવામાં આવી છે. લૂંટફાટ અથવા તો સામાન ચોરી થવાની સ્થિતિમાં એક લાખ રૂપિયાનું વળતર અપાશે. ટ્રેનમાં તમામ અતિઆધુનિક સુવિધા રાખવામાં આવી છે.

## ધાનેરામાં કોંગ્રેસનો સંવાદ કાર્યક્રમ યોજાયો

ધાનેરામાં કોંગ્રેસના સંવાદ કાર્યક્રમમાં અર્જુન મોઢવાડીયા હાજર રહ્યા હતા.જેમાં ભાજપ સરકાર પર અનેક મુદાઓને લઈ આક્ષેપ કર્યા હતા. તેમજ ૨૦૧૯ની ચુંટણી જૂઠથી જીતાઈ ગઈ પણ હવે જનતા જાગૃત બનતા આકરા પાણી થવાની વાત પર ભાર મુક્યો હતો.

ધાનેરા ખાતે કોંગ્રેસના સંવાદ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ વિરોધ પક્ષના નેતા અર્જુન મોઢવાડિયાએ હાજરી આપીને કાર્યકર્તાને સંબોધન કર્યુ હતું. ૨૩ વર્ષમાં ભાજપ સરકારે ખેડૂતો અને વેપારીઓને રસ્તા પર લાવી દીધા છે. હાલ ભાજપના નાના મોટા અનેક નેતાઓ કોન્ટ્રાકટર બનીને ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે. એનઆરસી મુદ્દે પણ અનેક બાબતોને લઈને આક્ષેપ કર્યા છે, બીજી બાજુ ધાનેરાના ધારાસભ્ય નથાભાઈએ લોકોને રસ્તા રોડ અને પાણી બાબતે સરકાર સામે રસ્તા પર આવીને આંદોલન કરવાની હાકલ કરી હતી, જ્યારે નગરપાલિકા પૂર્વ પ્રમુખે કોંગ્રેસના નેતાઓને એક મંચ પર આવીને લોકોના સવાલોને વાચા આપવાની વાત કરી હતી. આ કાર્યક્રમમાં ગોવાભાઈ, જે. કે. પટેલ, દિનેશ ગઢવી સહિત કોંગ્રેસના આગેવાનો હાજર હાજર રહ્યા હતા.

# દાંતાના બાણોદરા ગામના ભયભીત પરિવારોના કલેક્ટર કચેરીએ ધામા

દાંતા, તા. ૧૭

દાંતા તાલુકાના તોરણીયા ગામના એક યુવકનું ૫ વર્ષ અગાઉ મોત થયું હતું. જેને લઈને માથાભારે તત્વો દ્વારા બાણોદરા ગામના પરિવારજનોને હેરાન પરેશાન કરાતા હોઈ તેઓએ પરિવાર સાથે પાલનપુર દોડી આવી કલેકટર કચેરીએ ધામા નાખી ન્યાયની ગુહાર લગાવી રહ્યા છે.

દાંતા તાલુકાના તોરણીયા ગામના રમેશ ડામોર નામના યુવકનું ૨૦૧૪માં મોત થયું હતું. જેના મોત પાછળ હાથ હોવાની આશંકાને આધારે બાણોદરા ગામના આદિવાસી કોદરવી પરિવારોને છેલ્લા ૫ વર્ષથી હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. પોલીસ તપાસમાં પણ નિર્દોષ છૂટવા છતાં વ્હેમ રાખી કોદરવી પરિવારોને રંજાડવામાં આવી રહ્યા છે. સમાધાન માટે રૂ.૧૧ લાખની માંગ કરી પીડિત પરિવારોને ભગાડી મુકાતા ભયભીત બનેલા બાણોદરા ગામના લોકો પોતાના બાળ બચ્ચાઓ સાથે પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ કડકડતી ઠંડી વચ્ચે ન્યાયની ગુહાર લગાવતા ધામા નાખ્યા હોવાનું બાલુભાઈએ જણાવ્યું હતું. માથાભારે તત્વોના ત્રાસથી ભયભીત પરિવારના બાળકો અભ્યાસ કરવા પણ જઈ શકતા નથી. અને પુરુષ વર્ગ મજૂરી કરવા પણ જઈ શકતો નથી. ત્યારે માથાભારે તત્વો અને પોલીસની હેરાનગતિથી ત્રસ્ત લોકો હિજરત કરી પાલનપુર આવી પહોંચ્યા છે. કડકડતી ઠંડીમાં ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે પરિવાર સાથે આવેલા ભયભીત લોકો ન્યાય માટે વલખાં મારી રહ્યા છે.



# પાલનપુરમાં ગુરૂજી કી પાઠસાલા દ્વારા રંગ તરંગ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૭

પાલનપુર શહેરમાં ચાલતી ગુરૂજી કી પાઠશાલા દ્વારા રંગ તરંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ સાસ્કુતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. તેમજ તેજસ્વિ તારલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમ પ્લાસ્ટીક મુક્ત ગુજરાત અને મારૂ પાલનપુર સ્વચ્છ પાલનપુર અંતર્ગત યોજવામાં આવ્યો હતો.



બનાસકાંઠાના પાલનપુર શહેરમાં શ્રી દાદા લાધુરામ એજ્યુકેશન સેવા સમિતી સંચાલિત ગુરૂજી કી પાઠસાલા ચલાવવામાં આવે છે. જેમાં ધોરણ ૫ થી ૧૦ ધોરણના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક અભ્યાસ કરાવવામાં આવે છે. તેમજ આ પાઠસાલામાં પ્રથમ ઓછા ગુણ ધરાવતા વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને શાળાના પુસ્તકીયા જ્ઞાન સાથે સામાજીક જ્ઞાન આપી તૈયાર કરવામાં આવે છે. ગુરૂજી કી પાઠસાલા દ્વારા પ્લાસ્ટીક મુક્ત ગુજરાત અને મારૂ પાલનપુર સ્વચ્છ પાલનપુર થીમ ઉપર રંગ તરંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેમાં પાઠસાલાના વિદ્યાર્થીઓ દ્વારા અવનવા સાંસ્કુતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ કર્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોના હસ્તે તેજસ્વિ તારલાઓનું મોમેન્ટો અને સિલ્ડ પહેરાવી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આવનાર તમામને કાપડની થેલી આપી પ્લાસ્ટીક મુક્ત ગુજરાત બનાવવા જણાવાયુ હતુ. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકાર અજય દહિયા, ઉધોગપતિ દિલસુખભાઈ અગ્રવાલ, ડો.સુનિલ જોષી, સંસ્થાના ટ્રસ્ટી ગીરીશભાઈ રાઠી સહીત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે તાલુકાકક્ષાનો કલા મહાકુંભ ૨૦૧૯ સંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રમત-ગમત અને યુવા સાસ્કુતિ પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા રમત-ગમત કચેરી સાબરકાંઠા-



હિંમતનગરના સહયોગથી તાલુકા કક્ષાનો કલા કુંભ ૨૦૧૯ પ્રાંતિજ શેઠ પી.એન્ડર આર હાઈસ્કુલ ખાતે યોજાયો.

પ્રાંતિજ ખાતે કલા મહાકુંભ-૨૦૧૯માં પ્રાંતિજ સહિત તાલુકાઓમાં આવેલ શાળાઓએ ભાગ લીધો હતો અને શાળા ના વિદ્યાર્થીઓએ વિવિધ કલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાયન, સમુહ નૃત્ય, એક પાત્રિય અભિનય, નિબંધ લેખન, લોકવાર્તા સહિતની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જયારે નિર્ણાયક તરીકે પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ કલાકારોએ નિર્ણાયક તરીકે સાગરભાઈ નાયક, મહેશભાઈ પ્રજાપતિ, સોહનભાઈ પટેલ, મંજુલાબેન પટેલને દોર સોપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તથા કાર્યક્રમનું સફળ સંચાલન જીતુભાઈ રાવલ, ગોવિંદભાઈ પરમાર સહિત શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતુ. જગદીશભાઈ પંચાલ સહિત વગેરે શિક્ષકો કલાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## અદ્યતન બિલ્ડીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટી આઈ બિલ્ડીંગને નવુ બાંધવા માટે આયોજન કરાયુ છે. આઈ ટી આઈના નવા બિલ્ડીંગના બાંધકામ માટે નકશા અંદાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આઈ ટી આઈના નવા બિલ્ડીંગની કામગીરી માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાશે. જયારે આ કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરાશે.જેમાં પાંચ મજલાના સુવિધાયુક્ત બિલ્ડીંગ ઉપરાંત કમ્પાઉન્ડ વોલ અને આંતરિક રસ્તાઓનુ કામ પણ હાથ ધરાશે. આ ઉપરાંત પાર્કીંગ તેમજ લેન્ડ સ્કેપીંગની કામગીરી પણ હાથ ધરાશે. પાંચ માળના નવા બિલ્ડીંગને અનુલક્ષી વર્કશોપને આનુસંગિક વધુ સુવિધાઓ પણ કરવામાં આવશે. આઈ ટી આઈના નવા બિલ્ડીંગનુ કામ એક વર્ષમાં પુર્ણ કરી દેવાશે. શહેરમાં સે-૧૫ સ્થિત આ બિલ્ડીંગમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમ અલબત્ત કોર્ષ માટે આવે છે.જેને નવુ બિલ્ડીંગ ઉપયોગી બનશે.

## દાયકાને તળિયે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકા વચ્ચે લડાઈમાં અમેરિકાએ ટેરિફ વધારી દીધું હતું, જેના કારણે ચીની નિકાસકારો પર અસર પડી છે. જોકે, સમગ્ર ચીની ઈકોનોમી પર અનુમાન કરતા ઓછી અસર પડી છે.

આ સપ્તાહે ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોર પર વિરામ લે તેવા સંકેતો મળી રહ્યા છે અને બંને દેશોએ પહેલા ફેઝની ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. જેના હેઠળ અમેરિકા દ્વારા વધારાની ટેરિફ વૃદ્ધિને કેન્સલ કરવા અને ચીન દ્વારા અમેરિકન ફાર્મ એકસપોર્ટની ખરીદારી પર સહમતિ બની છે. બંને તરફથી પહેલાથી લાગુ ટેરિફ વૃદ્ધિમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો.

## દોષિતોને

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાતથી વાકેફ કરવામાં આવ્યા છે કે કેમ. ઈરફાન અહેમદે કોર્ટને કહ્યું હતું કે, મુકેશની દયા અરજીને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ફગાવી દીધી છે. આ પહેલા દિલ્હીની એક અદાલતે ૭મી જાન્યુઆરીના દિવસે ચારેય અપરાધીઓને મોતની સજા માટે ડેથ વોરંટ જારી કરી દેતા નરાધમોને ક્યારે ફાંસી અપાશે તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. જો કે, આજે તારીખમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. કારણ કે, નવેસરથી ડેથ વોરંટ જારી કરવામાં આવ્યા છે. પટિયાળા હાઉસ કોર્ટે ૭મી જાન્યુઆરીના દિવસે લાંબી સુનાવણી કરી હતી. પટિયાલા હાઉસ કોર્ટે ચારેય નરાધમોને હવે ૨૨મી જાન્યુઆરીના દિવસે સવારે સાત વાગે તિહાર જેલમાં ફાંસી આપવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદથી કાયદાકીય દુવિધાઓ ફરી ઉભી થઈ હતી. ક્યુરેટિવ અરજીઓ અને દયાની અરજીઓ આવી હતી. આ અરજીઓ પણ ફગાવી દેવામાં આવી છે. ગયા વર્ષે ૯મી જુલાઈના દિવસે સુપ્રીમ કોર્ટે ત્રણ અપરાધીઓની રિવ્યુ પિટિશનને ફગાવી દીધી હતી અને ફાંસીની સજા અકબંધ રાખી તી. ૪થી મેના દિવસે પવન, વિનય અને મુકેશની રિવ્યુ પિટિશન ઉપર ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. આ બનાવની વરસીના દિવસે આ દિલધડક અને કમકમાટીપૂર્ણ ઘટનાની યાદ તાજી થઈ ગઈ હતી. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે એક પેરા મેડીકલની વિદ્યાર્થીનીએ પોતાના ઘરે જવા માટે પોતાના મિત્રની સાથે બસની મુસાફરી કરી હતી એ જ વેળા ચાર નરાધમ શખસોએ તેના ઉપર ચાલતી બસમાં અમાનવીય રીતે ગેંગરેપ કર્યો હતો. આ બનાવમાં તે એટલા હદ સુધી ઘાયલ થઈ ગઈ હતી કે થોડાક દિવસ સુધી સારવાર હેઠળ રહ્યા બાદ તેનું મોત થયું હતું. આ હચમચાવી મૂકનાર ઘટનાના કારણે દેશભરમાં તમામ લોકો એક મત થઈ ગયા હતા

## ભારતનો જીડીપી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ આર્થિક સ્થિતિ અને સંભાવના ૨૦૨૦ અનુસાર ૨૦૨૦માં ૨.૫ ટકા વૃદ્ધિની સંભાવના છે પરંતુ વ્યાપાર તણાવ, નાણાકીય ઉથલ પાછલ અથવા ભૂ-રાજકીય તણાવ વધતા તે પાટા પરથી ઉતરી શકે છે. ભારત વિશેના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિ દર ૫.૭ ટકા રહી શકે છે.

## જીસેટ-૩૦

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકેટથી લોન્ચ કરાયો. જણાવી દઈએ કે એરિયન સ્પેસ યુરોપિયન સ્પેસ એજન્સી (ESA)ની વાણિજ્યિક શાખા છે અને ભારત સાથે જૂના સંબંધો છે. જેની મદદથી ઘણાં ભારતીય ઉપગ્રહને અંતરિક્ષમાં મોકલાય છે. જીસેટ-૩૦ જીસેટ સીરિઝનો ઘણો શક્તિશાળી ઉપગ્રહ છે. તેની મદદથી દેશમાં કમ્યુનિકેશન સિસ્ટમ વધારે સારી બનશે.આ ઉપગ્રહ ઈનસેટ-૪છની જગ્યા લેશે અને તેની કવરેજ ક્ષમતા વધારશે. ય્જીછ્-૩૦ સેટેલાઈટનું વજન લગભગ ૩૧૦૦ કિલોગ્રામ છે. આ લોન્ચિંગના ૧૫ વર્ષ સુધી કામ કરશે. કહેવાય છે કે આ કમ્યુનિકેશ સેટેલાઈટથી રાજ્ય સંચાલિત અને ખાનગી સર્વિસ પ્રોવાઈડર કંપનીઓને કમ્યુનિકેશન લિંક આપવાની ક્ષમતામાં સુધાર કરી શકાશે.